

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પુણ્ય પ્રભાવે ફળે રોજગાર, લાભ-પાંચમ,*
*નાખો ને પાસા પડે પો બાર, લાભ-પાંચમ,*
*ન્યાય-નીતિનો જૂઓ ચમત્કાર, લાભ-પાંચમ -*
*સત્ય-શુભલક્ષ્મીનો કરો સત્કાર લાભ-પાંચમ*

**હાઈકુ**

*ફળે આપને*
*બધી તિથિઓ - બને,*
*લાભ પાંચમ...*

*કરો પ્રારંભ*
*પ્રભુની પ્રાર્થનાથી*
*લાભ પાંચમ...*

*(ધંધો-રોજગારમાં સફળતા મળે એ જ શુભેચ્છા)*

### ચિંતન

*શરીર પોષણાર્થી સન્ ય આત્માનં દિદ્રક્ષતિ ।*
*ગ્રાહે દારૂધિયા ધૃત્વા નદીં તર્તું સ ઈચ્છતિ ॥*

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે શરીરમાં લાલનપાલનમાં રત રહી આત્માનું દર્શન કરવા ઈચ્છે છે તે મગરને લાકડું માનીને નદી પાર કરવા ઈચ્છે છે.

શરીરનું લાલન-પાચન અને તપ-સાધના-આરાધના એ બે વિરોધીઓ અંત છે. સાધકે તપ કરવું હોય તો ભૌતિક સુખ સગવડનો ત્યાગ કરવો જ પડે.

હસવું અને લોટ ફાકવો એ બાબત સાથે ન થાય. ભૌતિક સુખ સગવડો મગર છે તેના પર સંસાર સાગર પાર કરવો શક્ય નથી એ તમને ડુબાડે કે ખાઈ જ જાય...

### સુવિચાર

- નિયમિતતાના ચુસ્ત આગ્રહીઓ દરેક ભૂલ સમયસર કરતા હોય છે - **જનક નાયક**
- ઈમાનદાર માણસ ઈશ્વરની સર્વોત્તમ કૃતિ છે - **પોપ જ્હોનપોલ બીજા**
- કર્મ, જ્ઞાન અને ભક્તિનું જેમાં ઐક્ય થાય છે તે જ સાચો પુરુષાર્થ - **અરવિંદ ઘોષ**
- જયા રાગ-દ્વેષ છે ત્યં જગતની સ્મૃતિ છે, રાગ-દ્વેષ નિર્મૂળ થયા તો જગતની વિસ્મૃતિ છે - **આપ્તસૂત્ર**
- આ દુનિયામાં એવી એકેય જગ્યા નથી કે જ્યાં ક્રોધ કરવો જ પડે, ક્રોધ કરવો એ તો ભીંતમાં માથું પછાડવા બરાબર છે - **પેટ્રિક વિલ્સન**
- વૃક્ષ જયાં ઊગે છે, ત્યાં છાયા આપે છે, તો માણસ જયાં જીવે છે, ત્યાં કલેશ અને ત્રાસ કેમ આપે ? - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : શેરડીના સાંઠાને અગ્નિ પર સાધારણ શેકી ચૂસવાથી ગળાનો કફ નીકળી જાય છે અને અવાજ પણ ખૂલે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક પ્રજ્ઞાચક્ષુના સ્વરમાં જાણે જાદુ હતો. એકતારા પર જયારે કંઈ ગાતો ત્યારે આજુબાજુના લોકો મંત્રમુગ્ધ થઈ જતા. તેનો સ્વર જ એવો મીઠો હતો સાથે તેનો સ્વભાવ પણ મીઠો હતો. તે જયાં જાય ત્યાં સ્વરની લહેરખીઓની સાથે આનંદ અને પ્રસન્નતા ફેલાવતો જતો. ખુશમિજાજ રહેવું તેની રગરગમાં હતું આવા ગુણોને કારણે જ તે લોકપ્રિય હતો. એક દિવસ ઝાડ નીચે બેસી તે કંઈક ભક્તિગીત ગાઈ રહ્યો હતો. થોડા દિવસ લોકો પણ એનું ભજન સાંભળવા ભેગા થયા હતા. ઝાડ ઉપર બેઠેલો વાંદરો પણ જાણે ભજન સાંભળી રાજી થઈ ગયો હતો. વાંદરાથી તાનમાં ને તાનામાં વૃક્ષની એક ડાળી તૂટી ગઈ. એ ડાળી સાંભળવા ભેગા થયેલા એક વ્યક્તિની આંખ ઉપર પડી. તે વ્યક્તિ ક્રોધિત થઈને ખૂબ ગાળો બોલવા લાગ્યો. આમ થતાં પ્રજ્ઞાચક્ષુએ ભજન અધવચ્ચે અટકાવી દીધું. અને પૂછ્યું, 'ભાઈ, શું થયું છે, કોણ ગુસ્સો કરે છે ?' પેલા ઘવાયેલા વ્યક્તિએ કહ્યું, 'વાંદરાએ ડાળી પાડી અને મારી આંખમાં વાગી હોવાથી હું તેના પર ગુસ્સે થયો છું.' પ્રજ્ઞાચક્ષુએ કહ્યું, 'અરે ભાઈ વાંદરાને અપશબ્દો ન કહો. એમાં એનો શું વાંક છે ?' મારી આંખો પણ વાંદરાની કૃપાથી જ ફૂટી છે. વાંદરો એક વાર મારી પાછળ દોડ્યો હતો અને હું કાંટાળા ઝાડ સાથે ભટકાયો. કાંટા મારી આંખમાં ખૂંચી ગયા, પરંતુ મારા મોઢેથી વાંદરા માટે કદી કુવચન ન નીકળ્યા; પરંતુ ભજનના સ્વર જ ફૂટ્યા. આજે તમે મારા સ્વરને સાંભળો છો એ વાંદરાને જ આભારી છે. પેલા શ્રોતાનો ગુસ્સો આ વાત સાંભળીને શાંત થયો.

# 'કર્ણાવતી'નામનો વિવાદ બિનજરૂરી

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પારસ્ટી પાસે એક પરમેનંટ એજન્ડા છે - એનું નામ 'હિંદુત્વ' છે. રાહુલ ગાંધીને પરિપક્વ રાજનેતા ન કહો તો પણ એ હવે ગાઈ વગાડીને પોતે 'હિંદુ ધર્મ' ના સમર્થક હોવાની વાત તો કરતા થઈ જ ગયા છે. પ્રચારમાં જતા તેઓ લોક સમુદાયની લાગણી સંકળાયેલી હોય એવાં ધર્મસ્થાનોની મુલાકાત લે છે, પૂજાપાઠ કરે છે. પંડિત નહેરુ આખી જિંદગી પોતે અતિશય પ્રોગ્રેસિવ વિચારધારા ધરાવતા હોવાની વાતો અને એવું વર્તન કરતા રહ્યા પરંતુ બાળપણમાં પહેરેલી જનોઈ નહોતી છોડી શક્યા. બલકે મૃત્યુ પૂર્વે કરેલ વિલમાં એમને ગંગા પ્રત્યેના અઢળક આકર્ષણનો ઉલ્લેખ કર્યો હતો અને પોતાનાં અસ્થિ ગંગામાં વહાવી દેવા ઉપરાંત હિમાલયની ગિરિમાળામાં વિખેરી નાખવાની અંતિમ ઈચ્છા પ્રગટ કરી હતી. આ દેશ આધ્યાત્મિકતાનું પારણું છે - ગમે તેવો રેશનાલિસ્ટ પણ મરતાં મરતાં આસ્તિક બની જાય એવી ઘણી ઘટનાઓ ટાંકી શકાય એમ છે. પરંતુ રાજકારણ જયારે આ આસ્તિકતાનો વેપલો માંડી બેસે છે ત્યારે એ બહુ જ સુગાળવું લાગે છે. ફૈઝાબાદને બદલે હવે જિલ્લાનું નામ અયોધ્યા રહેશે અને ભગવાન રામચંદ્રજીની પાવન સ્મૃતિમાં અયોધ્યાના એરપોર્ટનું નામ રામચંદ્રજી એરપોર્ટ રહેશે કે હોસ્પિટલ સાથે દશરથનું નામ જોડાશે એથી હિંદુ પ્રજાને વખત પૂરતું સારું તો લાગશે, પણ ભાજપના મોદીથી લઈ યોગી સુધીના નેતાઓ માનતા હશે એટલા એકવીસમી સદીના મતદાતાઓ ભોળા કે મૂરખ નથી. તેઓને એટલી તો સમજણ પડે જ છે એનું કારણ આપણા મત મેળવી કે ઓળવી લેવાની ઉતાવળ છે. રાખવું હોત તો જિલ્લાનું અયોધ્યા નામ વાજપેયી શાસનકાળ દરમિયાન પણ રાખી શકાયું હોત. પરંતુ વાજપેયી પરિપક્વ પ્રજ્ઞા ધરાવતા રાષ્ટ્રનાયક હતા. લઘુમતી સમાજ આગળ પોતાની ધાર્મિકતા ઠોકી બેસાડવામાં એમને કોઈ પરાક્રમ કરી દીધું હોવાની ફિલીંગ નહોતી થતી. એથી હિંદુત્વ અને હિંદુ રાષ્ટ્રના સમર્થક હોવા છતાં નગરોના કે માર્ગોના નામકરણ સાથે ચેડાં કરવાનું એમને નહોતું ગમ્યું. કર્ણાવટી થઈ જવાથી અમદાવાદ 'અમદાવાદ' જ રહેવાનું છે. રીચી રોડનું ગાંધી રોડ તો કરી શકાયું, પણ રીલીફ રોડનું ટિલક માર્ગ કર્યા પછી પણ એ રીલીફ રોડ જ રહ્યો છે. એલિસબ્રિજને બહુ ઓછા લોકો વિવેકાનંદ બ્રિજ કહેવા તૈયાર થશે. અમદાવાદની ઓળખ તો હવે આંતરરાષ્ટ્રીય હેરિટેજ સિટી તરીકેની છે. ચૂંટણીલક્ષી નામકરણથી એ ઓળખ ભૂંસાવાની નથી કે ફક્ત કર્ણાવતી કરી દેવાથી ભાજપની ઝોળી છલકાઈ જવાની નથી.

# ધી ઈન્ફમેશન ટેકનોલોજી એકટ : ૨૦૦૦ ની કલમ ૪૩ મુજબ કોમ્પ્યુટર સીસ્ટમને નુકશાન બદલ દંડ અને વળતરની જોગવાઈ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

કોઈપણ સંસ્થા, કંપની કે ઓફિસમાં કોઈપણ વ્યક્તિ કોમ્પ્યુટર સીસ્ટમ અથવા કોમ્પ્યુટરનો નેટવર્કનો હવાલો ધરાવતી હોય તેની રજા, પરવાનગી સીવાય આવા કોમ્પ્યુટર સીસ્ટમ, નેટવર્ક અથવા રીસોર્સમાં પ્રવેશ મેળવે અને તેમાંથી ઈન્ફોમેશન ડેટા જે ખસેડી શકાય, સ્ટોરેજમાં હોય તેની નકલ કરે ઉતારો કર્યો હોય કે બગાડે અથવા કોમ્પ્યુટરમાં વાયરસ દાખલ કરે કોઈ સીસ્ટમને, તેની માહિતીને, ડેટાબેઝને અથવા કોમ્પ્યુટરમાં રહેતા બીજા પ્રોગ્રામને નુકશાન કરે અથવા કરાવે, ભાંગફોડ કરે અથવા કરાવે કોઈપણ કોમ્પ્યુટરમાં અથવા તેની સીસ્ટમમાં તેના નેટવર્કમાં પ્રવેશ કરાવે, અધિકૃત થયેલ વ્યક્તિને કોઈપણ રીતે પ્રવેશ અપવાનો ઈન્કાર કરે અથવા કરાવે, કોઈપણ કોમ્પ્યુટરમાં અથવા તેની સીસ્ટમમા નેટવર્કમાં બીજી વ્યક્તિને પ્રવેશ કરવાની સગવડ કરી આપે જે આ જોગવાઈઓ અને તેના નિયમો અને વિનિયમોનો ભંગ કરે, કોમ્પ્યુટર સાથે ચેડા કરે, નેટવર્ક કે સીસ્ટમમાં ઘાલમેળ કરીને એકનો એકનો એક સર્વિસ ચાર્જ બીજી વ્યક્તિના એકાઉન્ટમાં દાખલ કરે, રીસોર્સમાં રહેતી કોઈપણ માહિતીનો દૂર ઉપયોગ કરે અથવા તેવી માહિતીમાં ફેરફાર કરે અથવા તેનું મૂલ્ય અથવા ઉપયોગ કરે અથવા કોઈપણ સાધનોથી તેને નુકશાન થાય તે રીતે કાર્ય કરે, રીસોર્સ માટે વરોધ આવતા કોમ્પ્યુટર સોસર્સકોડની ચોરી કરે તેને સંતાડે અથવા તેમા ફેરફાર કરે અને તે એવા ઈરાદાથી તે કોમ્પ્યુટરને નુકશાન થાય તેવી વ્યક્તિ સામે વળતર તરીકે નુકશાન આપવાને જવાબદાર ઠરશે.

કોમ્પ્યુટરમાં તેની સીસ્ટમમાં અથવા કોમ્પ્યુટરન નેટવર્કમાં રહેલા ડેટાને અથવા તેમાં રહેલા પ્રોગ્રામને નાશ કરે, સુધારો કરે નોંધ કરે કોમ્પ્યુટર અથવા નેટવર્કને કોઈપણ રીતે કે સાધનોથી તેને સામાન્ય કાર્યને પચાવી પાડે, માહિતી, જ્ઞાન, હક્કિતો નિભાવવાનો અથવા સૂચનાઓ જે કોઈ પ્રતિકૃતિ સાંભળવાનું જોવાનું (દ્રશ્ય, શ્રાવ્ય) હોય તે વિષયની રજુઆત અથવા જેને ફોર્મલાઈઝ રીતે તૈયાર કરવામાં આવે છે તે અથવા જે કોમ્પ્યુટરની તેની સીસ્ટમથી અથવા તેના નેટવર્કથી ઉત્પન્ન કરાવે છે અને જેનો ઉપયોગ કોમ્પ્યુટરમાં તેની સીસ્ટમમાં કે તેના નેટવર્કમાં કરવાનો ઈરાદો ધરાવતો હોય એટલે કે કોમ્પ્યુટરની કોઈપણ સૂચના, માહિતી, ટેડા અથવા પ્રોગ્રામ જે કોમ્પ્યુટર રીસોર્સનો નાશ કરે, નુકશાન કરે અને તેનું મહત્વ ધરાવે અથવા કોમ્પ્યુટર રીસોર્સના કામકાજને અવળી અસર કરે અથવા તેનો કોઈ બીજા કોમ્પ્યુર સાથે જોડી આપે અને જયારે પ્રોગ્રામ ડેટા અથવા સૂચનાઓનો અમલ કરવાનો હોય ત્યારે અથવા કોમ્પ્યુટર રીસોર્સમાં કોઈ બીજી બાબત બને છે ત્યારે તે કાર્ય કરે છે એટલે કોઈપણ કોમ્પ્યુટર રીસોર્સનો કોઈપણ સાધનોથી નાશ કરશે, તેમાં ફેરફાર કરશે, ડેમેજ કરશે, તેમાં ઉમેરો કરશે, ફેરફાર કરશે અથવા અનઅધિકૃત ચકાસણી કરશે, કોમ્પ્યુટરના આદેશો, લે આઉટ અને કોઈપણ સ્વરૂપમાં રીસોર્સનો પ્રોગ્રામ એનાલીસીસ કશે ત્યારે તે બદલ તેને સજા અને દંડ બન્નેની જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે.

જયારે કોઈ નિયત સંસ્થા તેની કોઈ અંગત માહિતી અથવા જાણકારી કોમ્પ્યુટર રીસોર્સમાં ધરાવતી હોય અથવા તે સાથે વ્યવહાર કરતી હોય કે તેમાં વ્યવહાર કરતી હોય અને જે તેની માલીકીની હોય જેના પર તેનું નિયંત્રણ હોય અને જેનું તે સંચાલન કરતી હોય તે આ માહિતીનું સંચાલન કરવામાં અને તેને નિભાવી રાખવામાં વિશેષ વ્યાજબી સલામતી દાખવવામાં અને કાર્યરીતી અનુસરવામાં બેદરકાર હોય બને તેથી તે વ્યક્તિને ગેરકાયદે નુકશાન અથવા ગેરકાયદે ફાયદો કરી આપે તો આવી નિયત સંસ્થા જેને આવી અસર થઈ હોય તે વ્યક્તિને વળતર તરીકે નુકશાની આપવા માટે જવાબદાર ઠરશે.

કોઈપણ કંપની અને તેમાં પેઢી એકલી માલીકી અથવા વ્યક્તિઓ જે ધંધાકિય અને વ્યવસાયીક પ્રવૃત્તિઓમાં રોકાયેલ હોય તેની બોડી કોર્પોરેટમાં સમાવેશ કરવામાં આવી છે રીઝનેબલ સીકયુરીટી પ્રેકટીસીલ એન્ડ પ્રોસીજર એટલે કે એવી માહિતીને અનઅધિકૃત હાથમાં પડતી અટકાવવા માટેની પ્રેકટીસ અને કાર્યરીતીઓ જેથી કરીને તેને કોઈ નુકશાન, સુધારો વધારો તેને જાહેર કરી દેવાનું અથવા ખસેડવાનું, બગાડવાનું જે પક્ષકારો વચ્ચે થયેલા કરારમાં દર્શાવેલ એ અથવા પ્રવર્તમાન કોઈ કાયદામાં જણાવેલું હોય અને આવા કરારના અથવા કાયદાની સત્તાઓ એવી વ્યાજબી સુરક્ષાની પધ્ધતિઓ જે કેન્દ્ર સરકાર વ્યવસાયી સંસ્થાઓ અને એસોસીએશન સાથે વાટાઘાટોથી તેને યોગ્ય લાગે તેમ ઠરાવે.

આ અધિનિયમ હેઠળ બનાવેલ નિયમો અથવા વિનિયમોનો જે કોઈ વ્યક્તિ ભંગ કરે અને ત્યાં કોઈ શિક્ષા / દંડ નિશ્ચિત કરવામાં આવ્યો ન હોય ત્યાં એવી વ્યક્તિએ ભંગ માટે રૂા. ૨૫૦૦૦/- થી વધુ ન હોય તેટલું વળતર આપવાને જવાબદાર ઠરશે અને આવું વળતર આ નિયમ ભંગ કરનારે જેને નુકશાન થયું છે તેને આપશે અથવા ૨૫૦૦૦/- થી વધુ નહિ તેટલો દંડ થશે આ માટે કેન્દ્ર સરકાર ઈન્ફમેશન ટેકનોલોજી અને કાનુની તથા ન્યાય ખાતાનો અનુભવ હોય કે જે કેન્દ્રએ ઠરાવ્યો હોય તેવા અધિકારીની ટ્રીબ્યુનલ તરીકે નિમણુંક આપશે તેને દિવાની અદાલત જેટલી સત્તાઓ રહેશે કે જે સત્તામાં સાયબર એપેલેટ ટ્રીબ્યુનલની કલમ ૫૮(૨) હેઠળ આપવામાં આવી છે અને એની સત્તાની બધીજ કાર્યવાહીને ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૯૩ અને ૨૨૮ સ્સાથે ન્યાઈક કાર્યવાહી માનવમાં આવશે.

# નવું વર્ષ આપણા સૌના જીવનમાં નવી તાજગી અને સ્ફૂર્તિ લઈને આવે એ જ અભ્યર્થના



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

*આજે સારી પૃથ્વી ભરી લહેરાતો લીલો*
*તૃણે તૃણે પોપટિયો લીલો*
*કૂંપળ કૂંપળ ખીલતાં લીલો*
*ખેતર મોલે ખૂલતો લીલો*
*નીત-પીતની વચ્ચે મેઘધનુષમાં ઝૂલતો લીલો*
*ડુંગર ઢાળે થતો મથાળો જતો*
*ફરકતો વનઝાડીનો ઘેરો લીલો*
*વચ્ચે વચ્ચે વાંસઝુંડનો ઝૂકે લચકેલચકા લીલો.*
*કયાંક ઉદાસી વાદળવાયો*
*વૃક્ષો નીચે કયાંક દબાયો*
*ચમકે કયાંક તડકેરી લીલો*
*કયારીકયારીએ મલકમલક સોનેરી લીલો*
*સરિતાનાં તટજળમાં હીંચે શ્યામલ લીલો*
*વર્ષાધારાના બુરખાની આરપાર મદીલો લીલો*
*પૃથ્વીના પટ ઉપર આજ છકી અદકીલા*
*લીલા બસ લીલા રંગની લીલા.*

**- ઉમાશંકર જોષી**

ફુલગુલાબી ઠંડી સાથે નવું વર્ષનું આગમન થયું અને ચારેબાજુ આનંદ અને ઉલ્લાસની લીલીછમ્મ હરિયાળી છવાઈ ગઈ. આપણે બધા એકવાર ફરી નવા વર્ષનાં સંઘર્ષો અને પડકારોને ઝીલવા સજીધજીને તૈયાર થઈ ગયા. જે ગયું તે વીતેલું વર્ષ સમજીને એના અફસોસને વાગોળ્યા કરવાને બદલે તેમાંથી બોધપાઠ લઈને આવનારા વર્ષની ઉજ્જવળ તકોને આવકારવાનું આપણે સૌએ સ્વૈચ્છિક રીતે જ સ્વીકારી લીધું છે. સમય બદલાયો તેમ સંબંધોના રુપ-રંગ પણ બદલાયા અને જીવનશૈલીમાં પણ ફેરફાર થયા. પણ છતાં એક વસ્તુ આજે પણ આપણે સૌ ઝંખીએ છીએ અને એ છે એક વ્યક્તિની અન્ય વ્યક્તિ પ્રત્યેની હૂંફ, લાગણી અને ઉષ્મા. આજે પણ આનંદને વહેંચવા કે દુઃખને હળવું કરવા કોઈ ભૌતિક ચીજવસ્તુ નહિ પરંતુ એક સજીવ - જીવંત - ચેતનવંતો - સંબંધ જ જોઈએ છીએ. નાની નાની વસ્તુઓ અને બાબતોમાં મળતા આનંદને આપણે જાતે જ શોધી કાઢવો પડશે.

ફિલસૂફ બર્ટ્રાન્ડ રસેલ એકવાર ઊંડા ચિંતનમાં ડૂબેલા બેઠા હતા, ત્યાં એક મિત્રે આળીને પૂછ્યું : 'આટલા બધા તલ્લીન શાના વિચારમાં થઈ ગયા છો આજે ?'

"મેં એક વિચિત્ર શોધ કરી છે," રસેલે જવાબ આપ્યો.

"જયારે જયારે હું કોઈ જ્ઞાતિની સાથે વાત કરું છું ત્યારે જાતે પ્રતીતિ થાય છે કે સુખની હવે કોઈ શક્યતા રહી નથી. અને છતાં મારા માળી સાથે વાત કરતી વેળા એથી ઊલટી જ વાતની ખાતરી મને થાય છે."

દિપાવલીના પર્વ નિમિત્તે મોંઘીદાટ રોશની કરતાં હારબંધ પ્રગટાવેલા માટીના કોડીયા જ વધુ આકર્ષક જણાતા હોય છે. જાતજાતના પકવાન અને મિઠાઈઓ કરતાં ઘરનું બનાવેલું સાદું ભોજન જ આપણને વધુ રૂચિપૂર્ણ જણાય છે. ભૌતિકવાદી બની રહેલા આપણે આનંદની અને સંતોષની ખોજ કરવા માટે ઢગલાબંધ પૈસા ખર્ચી કાઢતા હોઈએ છીએ. પણ બીજી બાજુ સાવ સાધારણ જીવન જીવતા વ્યક્તિઓ સાવ નાની નાની ખુશીઓમાં સાથે મળીને દિલથી તહેવારને સુંદર રીતે ઉજવતા જણાય છે. જે કંઈ પરિસ્થિતિ હોય તેનો સહજ ભાવે સ્વીકાર કરવાથી જીવન વધુ સરળ અને આસાન બની જાય છે.

બીલ રોજર્સ લખે છે કે 'ચોર લોકોએ મને લાંબી દોડનો ચેમ્પિયન બનાવ્યો હતો. એક સવારે મને ખબર પડી કે મારી મોટર સાઈકલ ચોરાઈ ગઈ છે, એટલે મેં એક સાઈકલ વસાવી. પછી એ સાઈકલ પર ચોરાઈ ગઈ ત્યારે મેં નક્કી કર્યું કે રોજ નોકરી પર પહોંચવા માટેની ૨-૩ માઈલની મજલ દોડીને કાપવી. એની ચોરી કોણ કરી શકવાનું હતું?'

આવનારું વર્ષ આપણા સૌના જીવનમાં નવી તાજગી અને સ્ફૂર્તિ લઈને આવે અને આપણે સૌ આશાવંત બનીને થનગનતા રહીએ એ જ અભ્યર્થના. ન્હાનાલાલ કવિ લખે છે તેમ :

*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે;*
*ઊગે છે ઉષાનું રાજ ધીમે ધીમે;*
*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...*
*રજનીની ચૂંટણીના*
*છેડાના હીરલા શા,*
*ડૂબે છે તારલા આજ ધીમે ધીમે;*
*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...*
*પરમ પ્રકાશ ખીલે,*
*અરૂણનાં અંગ ઝીલે;*
*જાગે પ્રભુ વિશ્વમાં આજ ધીમે ધીમે...*
*જાગે પ્રભુ જીવમાં આજ ધીમે ધીમે;*
*ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...*

**- ન્હાનાલાલ કવિ**

nehalgadhavi101@gmail.com

# અમદાવાદના કર્ણાવતી નામકરણમાં આશા ભીલના આશાવલને ય અન્યાય



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્ર મોદી મે ૨૦૧૪માં બનારસથી લોકસભાની ચૂંટણી લડી રહ્યાં હતા ત્યારે "ગંગા જમુની તહજીબ"ની દુહાઈ દેતાં થાકતા નહોતા.હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વય માટે વાપરતાં આ શબ્દપ્રયોગને એક લોકસભાની ચૂંટણીથી બીજી લોકસભા ચૂંટણી આવતાં લગી કોરાણેમૂકાઈ રહ્યાનું ગુજરાત અને અન્યત્ર અનુભવાઈ રહ્યું છે. ગુજરાત સરકાર અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની વેતરણ કરીને રાજકીય લાભ ખાટવાની કોશિશમાં છે. છેલ્લા ત્રણ દાયકાથી એટલે કે ૧૯૮૮થી ભારતીય જનતા પક્ષ અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની ભૂમિકા લઈને તમામ ચૂંટણી લડે છે. છેલ્લાં ૨૩ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે. અત્યાર સુધીમાં દિલ્હીમાં અટલ બિહારી વાજપેયી અને નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી પણ અમદાવાદનું નામ કર્ણાવતી કરવાનો નિર્ણય અમલમાં આવ્યો નથી. આ જ દર્શાવે છે કે ગ્રહણ ટાણે સાપ કાઢવાની ઉક્તિને સાર્થક કરવામાં આવે તે રીતે ચૂંટણી આવે ત્યારે ભારતીય જનતા પક્ષને અમદાવાદનું નામ કર્ણાવતી કરવાનું યાદ આવે છે. છેલ્લે છેલ્લે ઉતરપ્રદેશમાં ભાજપી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અયોધ્યા જ્યાં આવેલું છે તે જિલ્લાને ફૈઝાબાદને બદલે અયોધ્યા ઓળખાવાનું જાહેર કરવા ઉપરાંત બીજાં પણ કેટલાંક શહેરોનાં નામો બદલ્યાં. એમાંથી મોડેમોડે પ્રેરણા લઈને કદાચ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી (એ જ ક્રમમાં) અમદાવાદનું કર્ણાવતી કરવાનાં નિવેદનો કરવા માંડ્યા. આની પાછળની ભૂમિકા બહુ સ્પષ્ટ છે. અમદાવાદની ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ના રોજ સ્થાપના કરનાર ગુજરાતના સુલતાન અહમદશાહના નામ પરથી નગરનું નામ અમદાવાદ પડ્યું. ગુજરાત સરકારના અનુદાનથી પ્રકાશિત ભો.જે.વિદ્યાભવનના અધિકૃત ગ્રંથોમાં જણાવ્યા મુજબ, હિંદુ રાજપૂત પૂર્વજો ધરાવતા દેશી મુસ્લિમ શાસક અહમદશાહે અમદાવાદની સ્થાપના કરી હતી. અહમદશાહે સ્થાપેલા આ નગરને હિંદુ રાજા કર્ણદેવના નામ સાથેનું કર્ણાવતીનું નામ આપવાની તાજી હિલચાલમાં રાજકીય લાભ ખાટવાથી વિશેષ કોઈ કવાયત નથી.

**નિર્ણય ટાળવાનો ૩૦ વર્ષનો વિક્રમ**

નવાઈની વાત એ છે કે અત્યારના અમદાવાદની સ્થાપના ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ના રોજ ગુજરાતના સુલતાન અહમદશાહે કરી હોવાના ઈતિહાસ અને તેમણે બાંધેલાં સ્થાપત્યોની વિગતો સાથે હજુ ૨૦૧૬માં જ યુનેસ્કોને ૫૪૨ પાનાંનો અહેવાલ ભાજપ શાસિત મહાનગરપાલિકાએ પાઠવ્યો હતો. આ અહેવાલને આધારે જ હજુ વર્ષ ૨૦૧૭માં યુનેસ્કો પાસેથી ભારતના સર્વપ્રથમ હેરિટેજ સિટીને મંજૂર કરાવવામાં અમદાવાદ મહાનગરપાલિકાને સફળતા મળી છે. અમદાવાદ મહાનગરપાલિકાના સત્તાવાર નામકરણમાં પણ અમદાવાદ અથવા તો અંગ્રેજીમાં AHMEDABAD એવું સ્પષ્ટ કરાયા છતાં પાલિકામાં વર્ષોથી શાસક રહેલા ભારતીય જનતા પક્ષે "AMDAVAD MUNICIPAL CORPORATION" એવું નામકરણ પોતાની મેળે કરી નાખ્યું છે. હકીકતમાં અમદાવાદનું જે નામ છે તે અંગ્રેજીમાં AHMEDABAD તરીકે યુનેસ્કોમાં પણ રજૂ થયું છે. એ રજૂ કરીને હેરિટેજ શહેર તરીકે ગૌરવ ધારણ કરનાર અમદાવાદ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ યુનેસ્કો તરફથી મળવાની જોગવાઈ શક્ય બની છે. આમ હોવા છતાં એકાએક ભાજપી શાસકોને કર્ણાવતીનું ભૂત ધૂણ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકાએ બહુમતીથી ઠરાવ કરીને અમદાવાદનું નામ કર્ણાવતી કરવામાં આવે એવો આગ્રહ રાખવામાં આવ્યો,એ વખતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી. એને આ ઠરાવ પાઠવવામાં આવ્યો હતો. ૧૯૮૮માં ભલે કોંગ્રેસની સરકાર હતી,પણ એનાં બે વર્ષમાં જ ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા અને તેમની સરકારમાં ભાજપના મંત્રીઓ તરીકે કેશુભાઈ પટેલ, અશોક ભટ્ટ સહિતના મહાનુભાવો જોડાયા હતા. એ વખતે જનતા દળ અને ભારતીય જનતા પક્ષની મિશ્ર સરકાર હતી. આવા સંજોગોમાં એ મિશ્ર સરકારની પણ જવાબદારી હતી કે તેમણે અમદાવાદ મહાનગરપાલિકાએ પસાર કરેલા ઠરાવ અંગે યોગ્ય નિર્ણય કરવો. એ નિર્ણય ટાળવામાં આવ્યો. વર્ષ ૧૯૯૫માં તો ભારતીય જનતા પક્ષની કેશુભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર આવ્યા પછી પણ અમદાવાદનું કર્ણાવતી કરવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહીં. ભાજપમાં બળવો થયા પછી પણ સુરેશ મહેતાની ભાજપની સરકાર હતી. એ પછી બળવાખોર શંકરસિંહ વાઘેલા અને દિલીપ પરીખની બે સરકારોના બે વર્ષના વહીવટ પછી ફરી ૧૯૯૮માં કેશુભાઈ પટેલની ભાજપ સરકાર આવી.ઓક્ટોબર ૨૦૦૧માં ભાજપના જ નરેન્દ્ર મોદી મુખ્યમંત્રીપડે આરૂઢ થયા અને છેક મે ૨૦૧૪ સુધી મુખ્યમંત્રી રહીને વડાપ્રધાન થયા. વચ્ચે કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષના અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળી સરકાર હતી અને ધાર્યું હોત તો એ સરકાર પણ અમદાવાદનું કર્ણાવતી કરવાની બાબતમાં નિર્ણય કરી શકી હોત.તેમણે પણ મામલો લટકાવેલો જ રાખ્યો. કોંગ્રેસની દિલ્હીની "સલ્તનત" પર દોષારોપણ કરવા માટે જ કદાચ !

- *અણહીલવાડ પાટણના રાજવી કર્ણદેવે ઈ.સ.૧૦૬૪માં ભીલરાજા પર આક્રમણ કરીને સાબરમતી તીરના નગરને કબજે કર્યું હતું*
- *હિંદુ રાજપૂત પૂર્વજો ધરાવતા સુલતાન અહમદશાહે ઈ.સ. ૧૪૧૧માં સ્થાપેલા કોટના શહેરને ૨૦૧૭માં યુનેસ્કોનો હેરિટેજ દરજ્જો*
- *છેક વર્ષ ૧૯૮૮માં ભાજપ શાસિત મહાનગરપાલિકાએ નામાંતરનો ઠરાવ કર્યો,પણ વાજપેયીની સરકારે પણ એને ફગાવ્યો હતો*
- *ગ્રહણ ટાણે સાપ નીકળે તેમ માથે ચૂંટણી ઝળુંબતી હોય ત્યારે જ કર્ણાવતીનો આલાપ શરૂ કરવા પાછળનાં સ્પષ્ટ રાજકીય ગણિત*

**રાજા કર્ણદેવે આક્રમણ કર્યું હતું**

અમદાવાદનું નામ બદલીને રાજા કર્ણદેવના નામની પાછળ કર્ણાવતીનું નામ રાખવા પાછળની ભાજપની ભૂમિકાનો ઈતિહાસ તપાસવો જરૂરી છે. હકીકતમાં રાજા કર્ણદેવે જેમને હરાવીને આ વિસ્તારના આશાવલ અથવા તો આશાપલ્લી નગરને કબજે કર્યું એ આશાવલ અને ભીલ-આદિવાસી રાજા આશા ભીલ સાથે અન્યાય કરવા જેવી વાત બને છે. ગુજરાત સરકારે પ્રગટ કરેલા અમદાવાદ જિલ્લાના ગેઝેટિયર તેમજ ભો.જે. વિદ્યાભવને ગુજરાત સરકારના આર્થિક સહયોગથી પ્રકાશિત કરેલા "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ"ના ગ્રંથોમાં દર્શાવાયું છે કે અત્યારે જે અમદાવાદ છે એની પાસે જ અગાઉ આશા ભીલનું આશાવલ કે આશાપલ્લી નગર હતું .આ આશા ભીલ પર ગુજરાતના રાજા અને ઉત્તર ગુજરાતના અણહીલવાડ પાટણમાં રાજધાની ધરાવતા રાજા કર્ણદેવે આક્રમણ કર્યું હતું. આશા ભીલને હરાવી તેની રાજધાની આશાવલ કે આશાપલ્લી કબજે કરી. પોતે પાછળથી કર્ણાવતીની સ્થાપના કરી હતી. આ સઘળો ઘટનાક્રમ અત્યારે અમદાવાદ જ્યાં વસે છે એની બાજુમાં સાબરમતી નદીના કાંઠે જ આશાવલ અને કર્ણાવતી જેવાં નાનકડાં નગર અસ્તિત્વમાં આવ્યાં હતાં. વાસ્તવિકતા એ છે કે સુલતાન અહમદશાહે જ ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના કરી હતી. તેના કોટ વિસ્તારની અંદર જે કોઈ બાંધકામો થયાં, સ્થાપત્યો તૈયાર કરાયાં અને યુનેસ્કોએ જેને અમદાવાદ તરીકે દેશના પહેલા હેરિટેજ નગર તરીકે સ્વીકાર્યું તે અમદાવાદ હકીકતમાં અહમદશાહે સ્થાપેલું અમદાવાદ જ છે. અહમદશાહ કોઈ દેશની બહારથી આવેલો આક્રાંતા ન હતો, એ વાત પણ સરકાર થકી પ્રકાશિત કરવામાં આવેલા ઉપરોક્ત ગ્રંથોમાં બહુ જ સ્પષ્ટ થાય છે. એમના પૂર્વજો હિંદુ રાજપૂત હતા, એ બાબત પણ આ ઈતિહાસના ગ્રંથોમાં નોંધવામાં આવી છે. એમના પૂર્વજોએ દિલ્હીના તુઘલક શાસન સાથે રોટી-બેટી વ્યવહાર જોડી,ઈસ્લામ કબૂલી ગુજરાતના શાસનને કબજે કર્યું હતું. અમદાવાદ સુધી આણ વર્તાવવામાં તેઓ સફળ થયા હતા.

**નક્કર મુદ્દાઓને બદલે ભાવનાત્મક**

અત્યાર સુધી જે નગરોનાં નામ બદલવામાં આવ્યાં છે, તેમાં

અનુસંધાન પાના નં ૫ પર